For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સતત 6ઠ્ઠી વાર ફોર્મ ભરતા જી.બી. સોલંકીનો દાવો- 'અમને જ મળશે મેન્ડેટ, મતદારોનો ભરોસો અકબંધ'

# બરોડા ડેરીનો જંગ 1400 કરોડના વહીવટ માટે 'દિનુ મામા'ની પેનલ મેદાને, 13 ડિરેક્ટરોએ સાથે ભર્યા ફોર્મ



(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરાઃ જિલ્લાના સહકારી ક્ષેત્રની સૌથી મોટી અને પ્રતિષ્ઠિત સંસ્થા ગણાતી બરોડા ડેરીના સત્તાધામ સુધી પહોંચવા માટે રાજકીય ગરમાવો તેજ બન્યો છે. આગામી 18 માર્ચના રોજ યોજાનાર ચૂંટણી માટે વર્તમાન બોર્ડના માંધાતાઓએ રણશિંગુ ફૂંકી દીધું છે. ડેરીના વાર્ષિક 1400 કરોડના વહીવટ પર કબજો જમાવવા માટે વર્તમાન ચેરમેન દિનેશ પટેલ અને વાઇસ ચેરમેન જી.બી. સોલંકી સહિત કુલ 13 ડિરેક્ટરોએ પોતાની ઉમેદવારી નોંધાવી દીધી છે.

બરોડા ડેરીના રાજકારણમાં આ વખતે એક નવો વળાંક જોવા મળ્યો છે. વર્તમાન 13 ડિરેક્ટરોએ એકસાથે ફોર્મ ભરીને મોવડીમંડળને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તેઓ એકજૂથ છે. '13 નહીં તો એક પણ નહીં'ની રણનીતિ અપનાવીને વર્તમાન બોર્ડે પોતાની દાવેદારી મજબૂત કરી છે. જોકે, ભાજપ પ્રેરિત પેનલ નક્કી કરવા માટે આજે પ્રદેશ નિરીક્ષકો વડોદરા આવી રહ્યા છે, ત્યારે જો આ પેનલમાં વર્તમાન સભ્યોની બાદબાકી થશે તો મોટા બળવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

સતત છઠ્ઠી વખત ઉમેદવારી નોંધાવનાર વાઇસ ચેરમેન જી.બી. સોલંકીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, "અમે દૂધ ઉત્પાદકોના હિત અને ડેરીના વિકાસ માટે કટિબદ્ધ છીએ. મતદારો ફરી એકવાર અમારા પર વિશ્વાસ મૂકશે." મેન્ડેડ બાબતે પૂછાયેલા પ્રશ્ન પર તેમણે આત્મવિશ્વાસ સાથે કહ્યું હતું કે, મેન્ડેડ ન મળે તેવી કોઈ શક્યતા નથી, અમને પૂરો ભરોસો છે કે પક્ષ અમને જ મેન્ડેડ આપશે. ચૂંટણીમાં સૌથી વધુ ચર્ચિત બેઠક પાદરાની બની રહેશે, જ્યાં વર્તમાન ચેરમેન દિનુ મામાની સામે તેમના કટ્ટર પ્રતિસ્પર્ધી ભાસ્કર પટેલે ઉમેદવારી નોંધાવીને પડકાર ફેંક્યો છે. બીજી તરફ, છોટાઉદેપુર બેઠક પરથી સંગ્રામસિંહ રાઠવાએ સમર્થકો સાથે ફોર્મ ભરતા જણાવ્યું હતું કે, "વિરોધીઓ વિરોધ કરતા રહેશે, પણ અમે માત્ર કામ પર ધ્યાન આપીશું."

### શું કેસરીયો ગઢ અકબંધ રહેશે?

બરોડા ડેરીના સત્તાવાર જંગમાં આજે પ્રદેશ નિરીક્ષકોની મુલાકાત નિર્ણાયક સાબિત થશે. એક તરફ વર્તમાન 13 ડિરેક્ટરોની 'એકતા' છે, તો બીજી તરફ સત્તા પરિવર્તન ઈચ્છતા નવા ચહેરાઓ. જો ભાજપ હાઈકમાન્ડ નવા ચહેરાઓને સ્થાન આપશે, તો ડેરીના રાજકારણમાં વર્ષોથી વર્ચસ્વ ધરાવતા જૂના જોગીઓ સામે બળવો થવાની પૂરેપૂરી શક્યતા છે. 18 માર્ચે દૂધ ઉત્પાદકો કોના ભાગ્યનો ફેંસલો કરે છે, તેના પર સહકારી આલમની મીટ મંડાયેલી છે.

ભાજપ મોવડી મંડળ મેન્ડેટ જાહેર કરતા પહેલા તમામ પાસાઓ ચકાસશે

## કુબેર ડિંડોરની અધ્યક્ષતામાં સેન્સ પ્રક્રિયા ફોર્મ ભરાતા પહેલા જ રાજકારણ તેજ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

બરોડા ડેરીના નિયામક મંડળની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેજ બન્યો છે. શહેરના 'વંદે કમલમ' ભાજપ કાર્યાલય ખાતે આજે ઉમેદવારોને સાંભળવા અને મેન્ડેટ નક્કી કરવા માટેની મહત્વપૂર્ણ સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ બેઠક પૂર્વ મંત્રી ડૉ. કુબેર ડિંડોરની અધ્યક્ષતામાં યોજાઈ હતી.



ભાજપ પ્રદેશ મોવડી મંડળ દ્વારા નિમણૂક કરાયેલા ત્રણ નિરીક્ષકો ડૉ. કુબેર ડિંડોર, મોતીભાઈ વસાવા અને નીપા પટેલની ઉપસ્થિતિમાં 13 બેઠકો માટે ઉમેદવારોનો વ્યુ લેવામાં આવ્યો હતો. ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું હતું કે, "પાર્ટીની નક્કી કરેલી સિસ્ટમ મુજબ અમે તમામ પ્રતિનિધિઓને સાંભળી રહ્યા છીએ અને તેનો રિપોર્ટ પ્રદેશ મંડળને સોંપવામાં આવશે. કોઈપણ વિવાદ હશે તો તેને સંવાદ દ્વારા ઉકેલવામાં આવશે."

નોંધનીય બાબત એ રહી કે ભાજપની સેન્સ પ્રક્રિયા પૂર્ણ થાય તે પહેલા જ અનેક દિગ્ગજ નેતાઓએ પોતાના ઉમેદવારી ફોર્મ ભરી દીધા હતા. જેમાં ડેરીના વર્તમાન ચેરમેન દિનેશ પટેલ (દિનુ મામા), વાઈસ ચેરમેન જી.બી. સોલંકી અને છોટાઉદેપુર બેઠક પરથી સંગ્રામસિંહ રાઠવાએ ઉમેદવારી નોંધાવી છે.

બરોડા ડેરીના નિયામક મંડળની ચૂંટણી આગામી 18મી માર્ચે યોજાનાર છે, જેમાં ભાજપ પ્રેરિત પેનલ અને અન્ય ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ જામવાની શક્યતા છે.

### 'ધાબળા કાંડ' ફેમ ભાસ્કર પટેલે મીડિયા પર વરસાવ્યો રોષ

સાધી દૂધ ઉત્પાદક મંડળીના પ્રમુખ ભાસ્કર પટેલે ડિરેક્ટર પદ માટે ઉમેદવારી નોંધાવતા રાજકીય ગરમાવો આવ્યો છે. જોકે, ફોર્મ ભરવા આવેલા ભાસ્કર પટેલ તેમના ભૂતકાળના



વિવાદિત 'ધાબળા કાંડ' મુદ્દે પસ્તાવો કરવાને બદલે મીડિયા પર આક્રમક બન્યા હતા. ઉલ્લેખનીય છે કે, ઓગસ્ટ 2025માં સાધી ગામમાં રાત્રિના સમયે ધાબળો ઓઢીને ભાગતા ભાસ્કર પટેલનો વિડિયો સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થયો હતો, જેને કારણે ભારે વિવાદ સર્જાયો હતો. આ ઘટના બાદ ભાજપ દ્વારા તેમની પત્નીને એપીએમસીની ચૂંટણીમાં મેન્ડેટ અપાયો હતો, જેમાં તેમની હાર થઈ હતી. આજે ફરી ચૂંટણી મેદાનમાં ઉતરેલા ભાસ્કર પટેલે મીડિયા પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, મીડિયા સાચી હકીકત બતાવતું નથી. તેમણે પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના સમર્થક હોવાનું પણ કબૂલ્યું હતું.

### ભાસ્કર પટેલ પર 25 કરોડના માનહાનિના દાવાની મામાની ચીમકી

બરોડા ડેરીની આગામી ચૂંટણીને પગલે સહકારી રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. પૂર્વ ધારાસભ્ય અને સહકારી આગેવાન દિનુમામા (દિનેશ પટેલ) એ તેમના



પ્રતિસ્પર્ધી ભાસ્કર પટેલ સામે આક્રમક વલણ અખત્યાર કર્યું છે. મીડિયા સાથેની વાતચીતમાં દિનુમામાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે ભાસ્કર પટેલે તેમના પર જે પણ આક્ષેપો કર્યા છે, તે સાચા સાબિત કરી બતાવે, અન્યથા તેઓ 25 કરોડ રૂપિયાનો માનહાનિનો દાવો કરશે.

દિનુમામાએ ભાસ્કર પટેલ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, "મારા પર જેટલા પણ આક્ષેપો કરવામાં આવ્યા છે, તે તમામ સાચા પુરવાર કરી બતાવો. જો તેઓ આ આક્ષેપો સાબિત નહીં કરી શકે, તો હું તેમના પર ૨૫ કરોડનો બદનક્ષીનો દાવો માંડીશ." તેમણે વધુમાં ઉમેર્યું કે તેઓ હવે કોઈ પણ પ્રકારની ખોટી ટીકા સહન કરવાના મૂડમાં નથી.

બોર્ડની પરીક્ષાની તમામ તૈયારીઓ પૂર્ણ

## ધો.10 અને 12ની પરીક્ષાનો આજથી પ્રારંભ વિદ્યાર્થીઓએ બેઠક વ્યવસ્થા નિહાળી

**બોર્ડ** પરીક્ષાના પરીક્ષાથીઓનું બેન્ડ, ફૂલો, તથા ગોળ ધાણા દ્વારા સ્વાગત



(પ્રતિનિધિ) વડોદરા,તા.25

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુરુવાર 26 ફેબ્રુઆરીથી ધોરણ 10 અને 12 ની બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે પરીક્ષાના આગલા દિવસે વિદ્યાર્થીઓએ પોતાના પરીક્ષા કેન્દ્ર પર પોતાના વાલીઓ સમેત બેઠક વ્યવસ્થા નિહાળી હતી. બીજી તરફ વહીવટી તંત્ર દ્વારા પણ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

ગુજરાત શિક્ષણ બોર્ડની આવતીકાલે ગુરુવારથી ધોરણ 10 અને 12 ની પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો છે. વડોદરા જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા પણ પૂર્વ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી ગઈ છે. બીજી તરફ શહેર પોલીસ કમિશનર દ્વારા પણ જાહેરનામું પ્રસિદ્ધ કરી દેવાયું હતું. આ ઉપરાંત એસટી વિભાગ એમજીવીસીએલ સહિત સંબંધિત વિભાગોને પણ વ્યવસ્થાઓ જાળવવા અંગે બોર્ડ દ્વારા સૂચના આપી દેવાઈ હતી. શહેર અને જિલ્લામાંથી ધોરણ 10 અને 12 ના 72,668 વિદ્યાર્થીઓ 267 પરીક્ષા કેન્દ્રોના 2,572 બ્લોકમાં પરીક્ષા આપશે. દર વર્ષે પરીક્ષાના પ્રારંભ થવાના આગલા દિવસથી એટલે કે, જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ખાતે વિદ્યાર્થીઓને વાલીઓની મદદ તેમજ તેમના માર્ગદર્શન અર્થે કંટ્રોલરૂમનો પ્રારંભ કરવામાં આવે છે. આ વર્ષે પણ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ખાતે આજથી કંટ્રોલરૂમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં સવારના આઠ વાગ્યાથી રાતના આઠ વાગ્યા સુધી વિદ્યાર્થી અને વાલીઓ હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરી મુશ્કેલી અને મૂંઝવણ સંદર્ભે માર્ગદર્શન મેળવી શકશે. આ સેવા આગામી 18 મી માર્ચ એટલે કે પરીક્ષા પૂરી થવા સુધી ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત બીમાર કે ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓ પરીક્ષા સારી રીતે આપી શકે તે માટે બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને લહીયાની સુવિધા આપવામાં આવી છે. ધોરણ 10 માં 30 અને ધોરણ 12 ના 14 એમ મળીને કુલ 44 વિદ્યાર્થીઓએ જિલ્લા શિક્ષણ અધિકારીની સમક્ષ એક વિધિસરની અરજી કરી લહિયાની સુવિધાની માંગણી કરી હતી. જે વિદ્યાર્થીઓએ આ અરજી કરી હતી. એ તમામ વિદ્યાર્થીઓને લહિયાની સુવિધા આપવામાં આવી છે. ગુરૂવારથી પરીક્ષાઓનો પ્રારંભ થતો હોય ત્યારે, તેના આગલા દિવસે બુધવારે વિદ્યાર્થીઓ પોતાના વાલીઓ સાથે પરીક્ષા કેન્દ્રો પર પહોંચ્યા હતા અને પોતાની બેઠક વ્યવસ્થા નિહાળી હતી. જ્યારે બીજી તરફ વિવિધ પરીક્ષા કેન્દ્રો ખાતે પ્રથમ વખત પરીક્ષા આપનાર બોર્ડના વિદ્યાર્થીઓ ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે ખાસ પ્રકારના આયોજન પણ કરવામાં આવ્યા છે.

## CBSE ધોરણ 10નું વિજ્ઞાનનું પેપર સરળ નીકળ્યું, વિદ્યાર્થીઓ મોજમાં : સારો સ્કોર થવાની શક્યતા

વડોદરા |

સીબીએસઈ બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે, જેમાં બુધવારે યોજાયેલ ધોરણ 10ના વિજ્ઞાન વિષયનું પેપર વિદ્યાર્થીઓ માટે એકંદરે સરળ નીકળ્યું હતું. પેપર સરળ રહેતાં પરીક્ષા આપી બહાર આવેલા વિદ્યાર્થીઓમાં ખુશી જોવા મળી હતી અને સારા ગુણ મેળવવાની આશા વધુ મજબૂત બની છે.

વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ, વિજ્ઞાનનું પેપર ઓવરઓલ સરળ હતું. જોકે કેટલાક વિદ્યાર્થીઓને કેમિસ્ટ્રી વિભાગ થોડો અઘરો અને મોડરેટ લાગ્યો હતો, પરંતુ જેમણે એનસીઆરટી પાઠ્યપુસ્તકના આધારે સારી તૈયારી કરી હતી, તેમને આ પેપર ખૂબ જ સરળ લાગ્યું હતું. એજ્યુકેશન નિષ્ણાંત નિરવભાઈ મહેન્દ્રભાઈ જોષીએ જણાવ્યું હતું કે, આ પેપર વિદ્યાર્થીઓને સારા માર્ક્સ સ્કોર કરવા માટે પ્રોત્સાહન આપતું હતું. જેમણે નિયમિત અભ્યાસ અને યોગ્ય તૈયારી કરી હતી, તેમને પેપર લખવામાં કોઈ ખાસ મુશ્કેલી પડી નહોતી. જ્યારે તૈયારી ઓછી રહેનારા વિદ્યાર્થીઓને પેપર થોડું મોડરેટ લાગ્યું હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે બાયોલોજી વિભાગ ખૂબ જ સરળ પૂછાયો હતો અને ફિઝિક્સ વિભાગ પણ સહેલો રહ્યો હતો. ઘણા વિદ્યાર્થીઓએ સમય પૂરો થાય તે પહેલાં જ પેપર પૂર્ણ કરી દીધું હતું. સમગ્ર પેપર એનસીઆરટી આધારિત હોવાથી ટેક્સબુક વાંચીને ગયેલા વિદ્યાર્થીઓને ખાસ ફાયદો થયો હતો. એકંદરે, ધોરણ 10નું વિજ્ઞાનનું પેપર સરળ રહેતાં વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધ્યો છે અને આ વિષયમાં સારા ગુણ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## મેમો ફટકારવા બસને ઉભી રાખી તો 85 હજારના ઈ ચલણ પેન્ડિંગ નીકળ્યા

**લાયસન્સ** સહિતના ડોક્યુમેન્ટ નહિ આપતા ટ્રાફિક પોલીસ દ્વારા બસને ડિટેઇન કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા શહેરના કપુરાઈ ચોકડી વિસ્તારમાં ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાવેલ્સની એક વર્ષને રોકી એલઈડી નો મેમો ભટકારવા માટે ચકાસણી કરી હતી. ત્યારે આ બસના તો અલગ અલગ ટ્રાફિક નિયમોના ભંગ બદલ રૂપિયા 85 હજારના ઈ ચલણ ફટકારવામાં આવ્યા હોય પરંતુ એક પણ ભરપાઈ નહીં કર્યો હોવાનું માલુમ પડ્યું હતું.

વાહન ચેકિંગની કામગીરી કરતા કપૂરાઇ ચોકડી ખાતે ટ્રાફિક શાખાનાં અધિકારી વાહન ચેકિંગ દરમ્યાન એક ટ્રાવેલ્સ બસને રોકી LED લાઇટનો મેમો કરાઈ રહી હતી. તે દરમિયાન બસ રજી.નં. AR-11-C-2159ની ડીટેલ્સ કાઢતા આ બસના રૂપીયા 85 હજાર જેટલાનાં ઈ-ચલણ પેન્ડિંગ હોવાનું માલુમ પડ્યું હતું. જેના કારણે ટ્રાફિક પોલીસ દ્વારા બસના ચાલક પાસે લાઈસન્સ તેમજ અન્ય ડૉક્યુમેન્ટ માંગણી કરાઈ હતી પરંતુ ચાલક કોઈ ડોક્યુમેન્ટ્સ દેખાડતો ન હતો. જેથી ટ્રાફિક પોલીસ દ્વારા તેઓની બસને RTO મેમો આપી ડીઈટેન કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

**સ્પીડ ગનથી 1948 ઈ-ચલન આપી 41.42 લાખનો દંડ ફટકારાયો**

વડોદરા શહેરના નાગરિકો સ્પીડ લિમીટમા વાહન હંકારે તેમજ જોખમી રીતે વાહન ના હંકારે તે હેતુથી વડોદરા શહેર ટ્રાફિક પોલીસ દ્વારા છેલ્લા બે માસ દરમ્યાન સ્પીડગન દ્વારા કુલ 1948 ઈ-ચલણ આપી રૂ.41.72 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ધુમાડાના ગોટાથી છાણી વિસ્તારમાં અફરાતફરી

## છાણી બ્રિજ નીચે બાઈકના ગોડાઉનમાં ભીષણ આગ: અનેક વાહનો બળીને ખાક

**ફાયર** બ્રિગેડના કાફલાએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા શહેરના છાણી વિસ્તારમાં આજે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. છાણી બ્રિજની નીચે આવેલા એક બાઈકના ગોડાઉનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં ધુમાડાના ગોટા જોવા મળ્યા હતા અને સ્થાનિકોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ, છાણી બ્રિજ નીચે આવેલા બાઈકના સ્ટોરેજ ગોડાઉનમાં અચાનક કોઈ કારણોસર આગ લાગી હતી. ગોડાઉનમાં મોટી સંખ્યામાં નવા અને જૂના બાઈક રાખવામાં આવ્યા હોવાથી આગે



જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડા દૂર-દૂર સુધી જોઈ શકાતા હતા.

ઘટનાની જાણ થતા જ વડોદરા ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર ફાઈટરો દ્વારા સતત પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. બ્રિજની નીચે આગ લાગી હોવાથી ટ્રાફિક વ્યવહાર પર પણ તેની અસર જોવા મળી હતી, જેના પગલે પોલીસ કાફલો પણ સ્થળ પર પહોંચી ગયો હતો અને ટ્રાફિક નિયમનની કામગીરી હાથ ધરી હતી.

પ્રાથમિક અહેવાલો મુજબ, આ આગમાં ગોડાઉનમાં રહેલા અનેક બાઈકો બળીને ખાખ થઈ ગયા છે, જેના કારણે લાખો રૂપિયાનું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. સદનસીબે, આ ઘટનામાં અત્યાર સુધી કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સ્થાનિક સત્તાધીશો દ્વારા આગ સંપૂર્ણપણે બુઝાયા બાદ નુકસાનનો અંદાજ મેળવવામાં આવશે અને આગ લાગવાના કારણોની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવશે.

## વોર્ડ નં.12ના ઝૂલતા પુલ પાસે ગટરમાં વહી રહ્યું છે પીવાનું શુદ્ધ પાણી

**પાલિકાની** બેદરકારીના કારણે ઉનાળા પહેલા જ તંત્રએ પાણીની લાઈનોમાં લિકેજના 'થીગડા' મારવાનું છોડ્યું?



(પ્રતિનિધિ) વડોદરા. તા.25

વડોદરાના વોર્ડ નંબર 12 માં ઝૂલતા પુલ પાસે સર્જાયેલી આ ગંભીર સમસ્યા ખરેખર ચિંતાજનક છે. ઉનાળાની દસ્તક પહેલા જ જ્યારે ગળું સુકાવાની ચિંતા હોય, ત્યારે આ રીતે હજારો લીટર શુદ્ધ પાણી ગટરમાં વહી જાય તે પાલિકાની ઘોર બેદરકારી જ ગણાય. એક બાજુ 'જળ એ જ જીવન' ના સૂત્રો, બીજી બાજુ ગટરમાં વહેતું હજારો લિટર પીવાનું શુદ્ધ પાણી અને તંત્ર જાણે કુંભકર્ણની નિદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. ઉનાળો માથે છે, શહેરીજનો પાણીના ટીપે-ટીપા માટે તરસશે, ત્યારે અત્યારથી જ આ પ્રકારે પાણીનો વેડફાટ આગામી સમયમાં મોટી પાણીની અછત તરફ ઈશારો કરે છે. વારંવાર એક જ જગ્યાએ કે વિવિધ વિસ્તારોમાં લીકેજ થવા છતાં તેનું કાયમી નિરાકરણ લાવવાને બદલે માત્ર થીગડા મારવાનું કામ કેમ કરવામાં આવે છે ? જનતા પાસેથી પાણી વેરો વસૂલવામાં આવે છે, પરંતુ તે જ પાણી જ્યારે ગટરમાં વહે છે ત્યારે જવાબદાર અધિકારીઓ કેમ મૌન સેવી રહ્યા છે ? પાલિકાની ગંભીર બેદરકારી અને નિષ્કાળજીને કારણે અનેક સવાલો ઉભા થાય છે. શું પાલિકા તંત્ર ઉનાળામાં પાણીની તંગી સર્જાય તેની રાહ જોઈ રહ્યું છે ? ગટરમાં વહી રહેલા હજારો લીટર શુદ્ધ પાણીના નુકસાનની જવાબદારી કોની ? શા માટે લીકેજની ફરિયાદો છતાં તાત્કાલિક ધોરણે યુદ્ધના ધોરણે સમારકામ કરવામાં આવતું નથી?

નશામાં ધૂત પોલીસકર્મીએ રસ્તા પર મચાવ્યો કહેર

## એક્ટિવા અને રિક્ષાને અડફેટે લઈ પાર્કિંગમાં ઉભેલી કાર સાથે અથડાઈને સર્જ્યો ગમખ્વાર અકસ્માત

**વર્દીધારી** પોલીસકર્મીની કારમાંથી દેશી દારૂની બોટલ અને ગ્લાસ મળી આવ્યા, કાયદાના રખેવાળની કરતૂતથી શહેર સ્તબ્ધ

3(પ્રતિનિધિ), વડોદરા. તા.25

વડોદરામાં કાયદાના રક્ષક જ ભક્ષક બન્યા હોય તેવી આઘાતજનક ઘટના સામે આવી છે. શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલા પ્રતાપનગર બ્રિજ પાસે બરોડા ડેરી નજીક એક નશામાં ધૂત પોલીસકર્મીએ પોતાની કાર બેફામ રીતે હંકારી એક્ટિવા, રિક્ષા અને પાર્ક કરેલી કારને અડફેટે લેતા ભારે હોબાળો મચી ગયો હતો. આ અકસ્માતમાં એક મહિલા સહિત બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આજે મકરપુરા રોડ પર પ્રતાપનગર બ્રિજ પાસે એક કાર ચાલકે અચાનક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. ફૂલ સ્પીડમાં આવી રહેલી કારે માર્ગ પર જઈ રહેલી એક એક્ટિવા સવાર મહિલા અને રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. આટલેથી ન અટકતા, કારે સાઈડમાં પાર્ક કરેલી અન્ય એક ગાડીને પણ અડફેટે લીધી હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે એક્ટિવા ચાલક મહિલા ફંગોળાઈ હતી.

અકસ્માત સર્જાતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા. લોકોએ જ્યારે કાર ચાલકને બહાર કાઢ્યો ત્યારે ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. કાર ચાલક પોતે પોલીસ વર્દીમાં હતો અને તે નશામાં હોવાનું જણાઈ આવતું હતું. સ્થાનિકોના આક્ષેપ મુજબ, તપાસ કરતા કારમાંથી દેશી દારૂની બોટલ પણ મળી આવી હતી. પોલીસની જ ગાડીમાં દારૂ જોઈને લોકોનો રોષ ફાટી નીકળ્યો હતો. આ દુર્ઘટનામાં એક્ટિવા ચાલક મહિલા અને રિક્ષા ચાલકને ઈજાઓ પહોંચી હતી. સ્થાનિકોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરતા ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે તેવું જાણવા મળ્યું છે.

**અકસ્માત કરનાર ગાંધીનગરના કર્મચારીની ધરપકડ**



25 ફેબ્રુઆરીના રોજ સવારના સમયે મકરપુરા હજીરાની સામે ગોકુલ નગર સોસાયટી પાસે એક્ટીવા રીક્ષા અને કાર સાથે અકસ્માત સર્જ્યો હતો જેમાં મહિલા સહિતના લોકોને ઇજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેની ફરિયાદ મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે અકસ્માત કરનાર નશામાં દૂધ કાર ચાલક રાજેશ ધનજી પાંડવ (રહે, ગામ. બુદરાસન તા. ભીલોડા જી. અરવલ્લી) એસ.આર.પી. ગ્રુપ 12 ગાંધીનગર નોકરી કરતો હોય અને હાલ તેઓ વડોદરા ખાતે એસ.આર.પી. ગ્રુપ-૧ ખાતે એસ ડી આર એફ ની તાલીમમાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસ દ્વારા પોલીસ કર્મચારી વિરુદ્ધ. એન.એસ. કલમ 125(એ), 281, 324 (5) તથા એમ.વી એક્ટ 177 184, 85 તથા પ્રોહી એક્ટ કલમ 66 (1)બી મુજબ ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી છે.

### આગામી દિવસોમાં ગરમી વધશે, પારો 35.8 ડીગ્રી નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

વડોદરામાં ગરમીના પ્રમાણમાં સામાન્ય વધારો થયો છે. બુધવારે શહેરનું મહત્તમ તાપમાન 35.8 ડીગ્રી નોંધાયું હતું. જ્યારે, લઘુત્તમ તાપમાન 19.6 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 60 ટકા અને સાંજે 22 ટકા નોંધાયું હતું. રાજ્યમાં હાલ બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. બપોરે ઉનાળાની ગરમી અનુભવાય છે, જ્યારે રાત્રે અને વહેલી સવારે ઠંડીનો સ્પર્શ રહે છે. આ બદલાતા હવામાન વચ્ચે હવે ગરમીને લઈને જે આગાહી સામે આવી છે તે ચોંકાવનારી છે. 2025ના ઉનાળામાં અપેક્ષા મુજબ આકરી ગરમી પડી નહોતી અને કમોસમી વરસાદના અનેક રાઉન્ડને કારણે તાપમાન ખાસ વધી શક્યું નહોતું. પરંતુ, હવે આગામી દિવસોમાં તાપમાન 41 ડિગ્રીની નજીક પહોંચી શકે તેવી શકયતા વ્યકત કરવામાં આવી છે.

ગ્રામ્ય એલસીબીની ટીમે આસોજ ગામેથી ડુપ્લીકેટ નોટ છાપવાની ફેક્ટરી ઝડપી હતી

## ડુપ્લીકેટ નોટ છાપનાર બે આરોપીઓને સાથે રાખીને સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયું

**ડુપ્લીકેટ** નોટમાંથી માત્ર એક નોટ નો ઉપયોગ કરીને શાકભાજી ખરીદી હોવાની બંને આરોપીની કબુલાત

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા જિલ્લાના આસોજ ગામેથી ભારતીય ચલણની નકલી નોટો છા બે આરોપીની ધરપકડ કરાઈ હતી. ત્યારે મંજુસર પોલીસે બંને આરોપીને સાથે રાખીને કોર્ટમાં રજુ કરી 10 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. ત્યારે કોર્ટે આરોપીના 2 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. બન્ને આરોપીને સાથે રાખીને જ્યાં નોટો છાપતા હતા તે ઓરડી સહિતના સ્થળ પર લઈ જઈ સમગ્ર ઘટનાનું રીકન્સ્ટ્રકશન કરાયું હતું. આરોપીઓએ માત્ર ડુપ્લીકેટ નોટ પૈકી એક નોટમાંથી શાકભાજી ખરીદ કરી હોવાની કબુલાત છે.

વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચાલી રહેલી ગેરપ્રવૃતિઓ પર કાયદેસરની કાર્યવાહી કરવા માટે પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલ દ્વારા સુચના આપવામાં આવી છે. જેના આધારે ગ્રામ્ય એલસીબીની ટીમ સોમવારે રાત્રીના સમયે મંજુસર પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં ફરી રહી હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે આસોજ ગામે બસ સ્ટેન્ડથી થોડે આગળ સાવલી રોડની બાજુમાં જયેશ મનુ પટેલ ભાડેથી રહેવા માટે એક ઓરડીઓ બનાવી છે, જે ઓરડીમાં પહેલા માળે ભાડેથી રહેતા નરેન્દ્ર જંગલાલ પાલ તથા હેમંત મદનલાલ જાગીડ રૂમમાં લેપટોપ તથા પ્રિન્ટર વડે ભારતીય ચલણની બનાવટી નોટો બનાવી બજારમાં વટાવતા હોય છે. હાલમાં પણ નોટ બનાવી રહ્યાં છે. જેના આધારે એલસીબીની ટીમના પીએસઆઈ રાજેશ ચૌહાણ સહિતના ટીમે ભાડાની ઓરડીમાં રેડ કરી હતી. ત્યારે સ્થળ પરથી બંને આરોપી નરેન્દ્ર જંગલાલ પાલ (રહે. ઈમામપુર ડડવા, પો.સ્ટ. ચનલપુર થાણા, અકબરપુર તા.અકબરપુર જી.આંબેડકરનગર, ઉત્તરપ્રદેશ હાલ રહે.આસોજ) તથા હેમંત મદનલાલ જાગીડ (રહે.૮, વૈભવ લક્ષ્મી, એલવીએસ નગર, ઝાફટીયા નીંગ હોમ, ખોપોલી તા.ખાલાપુર જી.રાયગઢ મહારાષ્ટ્ર હાલ રહે. આસોજ)ની ઝડપી પાડ્યાં હતા. તેમને સાથે રાખીને ઘરમાં તપાસ કરી હતી.